# મોડાસામાં રસ્તે રઝળતી ગાયોના કારણે અકસ્માતનું વધતું જોખમ

મોડાસા, તા. ૨૦
મોડાસા શહેરમાં છેલ્લા કેટલાયે સમયથી રખડતી ગાયોનો ત્રાસ વધી જતાં વાહનચાલકો અને વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

મોડાસાના મુખ્ય ચાર રસ્તા, બસ સ્ટેન્ડ રોડ, માલપુર રોડ, ડીપ અને મેઘરજ બાયપાસ રોડ ઉપર મોટી મુસીબતોનો સામનો કરી રહ્યા છે. શહેરના વિસ્તારમાં અચાનક રખડતી ગાયો મોટા વાહનોની આડે



રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જેના લીધે દિવસ દરમિયાન રખડતી ગાયો શહેરના મુખ્યરોડ અને સોસાયટીના લોકોને શિંગડે ચઢાવ્યાના અનેક બનાવો બનવા છતાં નીંભર નગરપાલિકા તંત્રનું પેટનું પાણી પણ હલતું નથી. રાત્રીના સુમારે શહેરના મુખ્યમાર્ગો પર અડિંગો જમાવતા પશુધનના ધણના ટોળા ન દેખાતા અનેક વિસ્તાર, મેઘરજ રોડ, કોલેજ રોડ અને મોડાસાના સહયોગ બાયપાસ રોડ ઉપર રખડતી ગાયો અઢીંગા જમાવી દેતાં વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શહેરમાં રખડતી ગાયો બાયપાસ હાઈવે રોડ ઉપર ઉભી થઈ જતાં મુંબઈ- દિલ્હીથી અવર-જવર કરતાં મોટા વાહનોના ચાલકો મોડાસા શહેરની સહયોગ ચોકડી આવી જતાં વાહન ચાલકોને અકસ્માતનો ભોગ બનવું પડે છે. તેમજ રખડતી ગાયોનો એટલો ત્રાસ વધી ગયો છે કે, શહેરની સોસાયટી વિસ્તાર અને ડીપ વિસ્તારમાં રાહદારીઓ અને વયોવૃદ્ધ લોકોને હડફેટે લઈને શિંગડે ચઢાવતાં શહેરની પ્રજા રખડતી ગાયોના ત્રાસથી ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે.

# પાલનપુર બસ સ્ટેન્ડ રોડ પરથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

પાલનપુર શહેરના એસ.ટી. બસસ્ટેન્ડ વિસ્તારમાંથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં ૨ દિવસ અગાઉ રેલવે ગરનાળા પાસેથી ગુમશૂદા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારે આજે પાલનપુરના એસ.ટી.બસ સ્ટેન્ડ રોડ પરથી બેલીમ નાળાના ગંદા પાણીમાંથી અંદાજે ૪૦ વર્ષીય અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. આ યુવકના મોઢા પર પથ્થર પડેલો હોવાથી તેની હત્યા કરાઈ છે કે કુદરતી મોત તે અંગે તર્ક વિતર્ક વહેતા થયા છે. ત્યારે પાલનપુર પૂર્વ પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી અજાણ્યા યુવકના વાલી વારસોની શોધખોળ હાથ ધરી છે. પોલીસે હાલ તો અકસ્માતે મોતનો ગુનો નોંધી યુવકના અપમૃત્યુનું રહસ્ય જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસા નગરપાલિકા માટે વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ માથાનો દુખાવો બન્યો

મોડાસા, તા. ૨૦
મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ઘન કચરો ઠાલવવા બનાવેલ ડમ્પિંગ સાઈટ હાલ જીલ્લા કલેક્ટર કચેરી સામે અને કોર્ટ બિલ્ડિંગની બાજુમાં નગરપાલિકાની જગ્યમાં વર્ષોથી કાર્યરત છે. ડમ્પિંગ સાઈટમાં કોર્ટ કચેરી અને જીલ્લા સેવાસદન સામે હોવાથી નગરપાલિકા તંત્રએ કમ્પોસ્ટ પ્લાન્ટ રાણા સૈયદ દરગાહ તથા રહેણાંક વિસ્તારમાંથી ખસેડવા તજવીજ હાથ ધરાતા મુસ્લિમ સમાજમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સહીત મુસ્લિમ સમાજના અગ્રણીઓએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ડમ્પિંગ સાઈટ મુસ્લિમ સમાજના રહેણાંક વિસ્તારમાં ખસેડવાનો નગરપાલિકાનો ખુલ્લો વિરોધ નોંધાવ્યો હતો.

મોડાસા નગરપાલિકામાં હાલ ભાજપ સત્તા ભોગવી રહ્યું છે નગરપાલિકાની સામાન્ય સભામાં હાલમાં કાર્યરત વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ પાલિકાની અન્ય નગરપાલિકા હસ્તકની જગ્યા સર્વે નં-૮૨ અને ૮૪ અંગે પ્રસ્તાવ મુકવામાં આવતા વિરોધ પક્ષે વિરોધ નોંધાવતા આ મુદ્દે વોટિંગ કરવામાં આવતા જેમાં



સત્તાપક્ષ તરફે ૧૫ વોટ અને વિરોધપક્ષ તરફેણમાં ૧૬ વોટ થતા ઠરાવ મુલત્વી રાખવામાં આવ્યો હતો ડમ્પિંગ સાઈટ હાલ મોડાસા નગરપાલિકા માટે માથાનો દુખાવો બની રહ્યો છે.

મોડાસા નગરપાલિકાનો તમામ કૂડો કચરો હાલમાં શહેરથી પાંચ કિલોમીટર દૂર હાઈવેની બાજુમાં ઠલવાય છે. જે કમ્પોસ્ટ પ્લાન્ટ શહેરથી દુર અને બિન રહેણાંક વિસ્તારમાં આવેલું છે પણ આ વિસ્તારની આસપાસ સરકારી કચેરીઓ આવેલી હોવાથી નગરપાલિકા દ્વારા આ પ્લાન્ટ ને શિફ્ટ કરી સર્વે નંબર ૮૨ અને ૮૪માં ઉભુ કરવાનો પાલિકાની સામાન્ય સભામાં કામ નંબર ૧૪માં પ્લાન્ટ ખસેડવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. સર્વે નંબર ૮૨ અને ૮૪ ની બાજુમાં રાણા સૈયદ દરગાહ, નવસે શહીદ કબ્રસ્તાન તેમજ આસપાસ છ સોસાયટી વિસ્તાર તેમજ રહેણાંક ઝોન આવેલ છે. જેથી કુડા કચરાના નિકાલ માટેનો કંપોસ્ટ પ્લાન્ટ શિફ્ટ કરતા આ વિસ્તારના લોકોના તેમજ બાળકોના સામે આરોગ્યનો ગંભીર ખતરો ઉભો થશે. આખા મોડાસા નગરપાલિકાના વિસ્તારનો ગંધાતો કચરો રહેણાંક વિસ્તારમાં ઠાલવવામાં આવશે અને લોકોમાં આરોગ્ય સાથે ખતરો અને ગંભીર બીમારીઓ ફેલાશે તેની જવાબદારી કોણ લેશે તેવા પ્રશ્નો રહેણાંક વિસ્તારના રહીશો કરી રહ્યા છે. લોકોના આરોગ્ય સામેના ગંભીર ખતરાને તેમજ બીમારીઓને નજર સમક્ષ રાખી કુડા કચરાના પ્લાન્ટના વિરોધમાં, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મુસ્લિમ સમાજના અગ્રણી ઈમ્તિયાઝ ચિસ્તી, ઈશાકભાઈ મલેક, રશીદ ભાઈ, વશિમભાઈ, શરીફભાઈ, ઈમરાન ભાઈ અને સદાકત સોસાયટીના રહીશો અરવલ્લી જિલ્લા કલેકટર એમ નાગરાજનને વિરોધ દર્શાવી આવેદન પત્ર આપ્યું હતું. ત્યારે જિલ્લા કલેકટર લોકોના આરોગ્ય સામેના ગંભીર જોખમને નજર સમક્ષ રાખીને ઉચિત કાર્યવાહી કરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# શામળાજીની અંતરિયાળ માર્ગો પરથી વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરો પ્રયત્નશીલ

શામળાજી, તા. ૨૦
ગુજરાતમાં કહેવાતી દારૂબંધી વચ્ચે દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. શામળાજી રતનપુર ચેકપોસ્ટ પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવતો હોવાની વાત જગ જાહેર છે. આતંકવાદી હુમલાનો ભય અને અવારનવાર ગેરકાયદેસર હથિયારો સાથે અસામાજિક તત્વો વારંવાર ઝડપાતા સલામતીના ભાગરૂપે રતનપુર ચેકપોસ્ટ પર બુલેટપ્રુફ જેકેટ સાથે એસઆરપી અને પોલીસ જવાનોનો કાફલો તૈનાત કરાતા અરવલ્લી જીલ્લાના અંતરિયાળ માર્ગો પરથી વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરો અધીરા બન્યા છે.




શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે ૪૮ કલાકમાં શામળાજી પંથકના અંતરિયાળ વિસ્તારોમાંથી વિદેશી દારૂ ઘુસાડવા અધીરા બનેલા બુટલેગરોના ત્રણ વાહનો પકડી પાડવામાં સફળ રહી છે. શામળાજી પોલીસે ખોડબાં ગામની સીમમાંથી દાસજ (ઉંઝા) ગામના મોહસીનહુસૈન કેશુભાઈ શેખ બુટલેગરને સેવરોલેટ યુવા કારમાંથી ૩૦ હજારના વિદેશી દારૂ સાથે ઝડપી પડ્યો હતો.

શામળાજી પોલીસે કુશ્કી-ખોડબાં ગામની સીમમાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા ગ્રે કલરની સેવરોલેટ યુવા કાર (ગાડી.નં-જીજે.૦૧.એચએન.૧૧૮૯ ) અટકાવી તલાસી લેતા કારના પાછળના ભાગે અને ડેકીમાં સંતાડી રાખેલી ઈગ્લીશ દારૂ તથા બીયર કુલ પેટી નંગ ૧૩ તથા છુટક બોટલો નંગ-૧૦ કુલ મળી બોટલો નંગ-૨૫૦ની કિ. રૂ.૩૦,૨૮૦ મળી આવતા કાર ચાલક ચાલક મોહસીનહુસૈન કેશુભાઈ શેખ (રહે. દાસજ તા.ઉંઝા જી.મહેસાણા)ની ધરપકડ કરી કારની કીં. રૂ.૨૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ મળી કુલ રૂ.૨૩૦૭૮૦નો મુદ્દામાલ જપ્ત કરી કારમાં રહેલો અન્ય શખ્સ ફરાર થઈ જતા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધાનેરામાં જર્જરિત શોપીંગ સેન્ટર અને પાણીની ટાંકીથી મોટી જાનહાનીની સંભાવના

ધાનેરા
ધાનેરામાં વર્ષો પહેલા શિતલ






શોપિંગ સેન્ટર નામનું એક સોપીંગ સેન્ટર બનાવવામાં આવેલ પરંતુ અત્યારે આ શોપિંગ સેન્ટર જર્જરીત બની ગયું છે અને તે માંથી પોપડા પડી રહ્યા છે ક્યારે આ શોપિંગ માં મોટી જાનહાનીના એંધાણ વર્તાઈ રહ્યા છે આ શોપિંગ માં મોટી સંખ્યામાં લોકો અવર-જવર પણ કરે છે ત્યારે ધાનેરા નગરપાલિકા દ્વારા શોપિંગ આગળ બોર્ડ લગાવવામાં આવે છે આ શોપિંગમાં કોઈએ પ્રવેશ કરવો નહીં પરંતુ આજે પણ આ શોપિંગ સેન્ટર લોકોથી ભરચક જોવા મળી રહ્યું છે ત્યારે આવનારા સમયમાં કોઈ જાનહાનિ સર્જાય તો તેના માટે જવાબદાર કોણ ? તો બીજી બાજુ શિતલ શોપિંગ સેન્ટરની પાછળ ના ભાગમાં આવેલું પાણીનું ટાંકુ એ પણ જર્જરીત બની ગયું છે અને આ પાણીનું ટાંકુ રહેણાક વિસ્તારમાં આવેલું છે અને આજુબાજુ માં લોકો વસવાટ કરે છે ત્યારે આ પાણીના ટાંકા બાબતે લોકોએ તંત્રની લેખિતમાં રજૂઆત પણ કરી છે પરંતુ આજ દિવસ સુધી કોઈ કાર્યવાહી ન થતાં લોકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે અને લોકો જણાવી રહ્યા છે કે કોઈ મોટી ઘટના બન્યા બાદ તંત્ર અને સરકારી નેતાઓ આશ્વાસન આપવા આવશે અને મૃતક તેમજ ઈજાગ્રસ્તોને લાખો રૂપિયાની નું આશ્વાસન આપશે ત્યારે લોકો કહી રહ્યા છે જો કોઈ ઘટના બન્યા બાદ પૈસા આપો તેના કરતાં તો તેજ પૈસાથી આ પાણીનો ટાંકો નવું બનાવો જેથી કોઈ જાનહાનિ પણ ન સર્જાય અને લોકો પણ નિરાંતે રહી શકે ત્યારે હવે જોવાનું એ રહે છે કે તંત્ર ક્યારે જાગે છે અને આ બાબતે પગલા ભરે છે.

# ગોળા ગામમાં બાળકો ઉપાડી જતી ગેંગને લઈને દહેશત

### ગ્રામજનોએ ૨ મહિલાઓને ઝડપી પોલીસને હવાલે કરી

પાલનપુર
પાલનપુર તાલુકાના ગોળા ગામમાં બાળકોને ઉપાડી જતી ગેંગ આવી હોવાની આશંકાને પગલે ગ્રામજનો એકત્ર થઈ ગયા હતા. જેઓએ ૨ મહિલાઓને ઝડપી લઈ મેથીપાક આપી પોલીસને હવાલે કરી હતી.



પાલનપુર તાલુકાના ગોળા ગામમાં બાળકો ઉપાડતી ગેંગ આવી હોવાની આશંકા તળે ગ્રામજનો એકત્ર થયા હતા. જેઓએ ૨ મહિલાઓને ઝડપી મેથીપાક આપ્યો હતો. ૪ લોકો સ્વીફ્ટ ગાડી લઈ ગોળા ગામે આવ્યા હતા. જેમાં ૨ મહિલા ઝડપાઈ હતી. જ્યારે ૨ ઈસમો ભાગી ગયા હોવાના અહેવાલ સાંપડ્યા છે. બાળકો ઉપાડવાની ગેંગ આવી હોવાની વાતને લઈ સમગ્ર ગામ એકઠું થયું હતું. જેમાં ૨ મહિલાઓ ઝડપાઈ હતી. જે બાળકો ઉપાડનારી ગેંગની હોવાની ગ્રામજનોએ વ્યક્ત કરેલી આશંકાને પગલે પાલનપુર તાલુકા પોલીસે ૨ મહિલાઓનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

# વડગામના સેંભર ગોગ માહારાજના મંદિરે નાગપંચમીનો ભાતીગળ લોકમેળો યોજાયો

વડગામ, તા. ૨૦



બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના સેંભર(સે) ખાતે પ્રાચિન ગોગમાહારાજના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ નાગપંચમીનો ભાતીગળ લોકમેળો યોજાયો હતો. શેરપુરા(સે) નજીક સરસ્વતી નદીના કીનારે અને પર્વતોની ગીરીમાળા વચ્ચે આવેલ રમણીય સ્થળ અને પ્રાચીન સેંભર ગોગ માહારાજના મંદિરે નાગપંચમી દિવસે લોકમેળો યોજાયો હતો.

જેમા વડગામ, ખેરાલુ, ચાણસોલ તેમજ મહેસાણા પંથકમાંથી બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉમટીને નાગપંચમીના ગોગાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ભાતીગળા લોકમેળામાં બાળકો માટે અવનવા રમકડાંઓના સ્ટોલો, ખાણીપીણીના સ્ટોલ તેમજ ચકડોળો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની.

# પાલનપુરમાં વર્ષમાં માત્ર બે વાર જ ખુલતું શ્રીનાગણેજી માતાનું મંદિર

### નાગપંચમ નિમિત્તે શ્રી નાગણેચી માતાના મંદિરે ઉમટ્યું ભક્તિનું ઘોડાપુર




પાલનપુર નવાબે બંધાવેલું સર્વધર્મ સમભાવના પ્રતીક સમું ચમત્કારિક શ્રી નાગણેજી માતાનું મંદિર નાગ પંચમી નિમિત્તે શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું મુકાયું હતું. વર્ષમાં માત્ર બે વાર જ ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે આજે ભાવિક ભક્તોની ભારે ભીડ જામી હતી.

નાગપાંચમના તહેવાર નિમિત્તે પાલનપુરની રાજગઢી ખાતે આવેલા કોમી એકતાના પ્રતીક સમા શ્રી નાગણેજી માતાના મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેનો ભાવિક ભક્તોએ લાભ લઈ શ્રી નાગણેજી માતાની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર નવાબની રાજપૂત રાણીના દાયજામાં શ્રી નાગણેજી માતા આવ્યા હતા. જોકે, પાલનપુર નવાબે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે બંધાવેલું શ્રી નાગણેજી માતાનું મંદિર, નાગપાંચમ અને નવરાત્રી આઠમ સહીત વર્ષમાં માત્ર બે વખત જ ખુલે છે.

આ ચમત્કારી મંદિર માં બિરાજેલા નાગણેજી માતા ઉપર લોકો ની ભારે શ્રદ્ધા છે. અહીં માતાજીના દર્શન કરવા માટે દૂર -દૂર થી ભક્તો આવે છે અને નાગણેજી માતાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

આજે પણ નવરાત્રી આઠમે શ્રી નાગણેજી માતાના મંદિરે થતા હવનમાં પાલનપુર નવાબના પરિવારજનો ફાળો આપી રહ્યા છે. ત્યારે પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલું નવાબીકાળનું શ્રી નાગણેજી માતાનું મંદિર કોમી એકતાનું મિશાલ પુરી પડી રહ્યું છે.

# મોડાસા આઈટીઆઈમાં જર્જરિત પાણીની ટાંકી તાલીમાર્થીઓનો ભોગ તો નહિ લે ને..?

મોડાસા, તા. ૨૦
અરવલ્લી જીલ્લામાં પાણી પુરવઠા વિભાગ અને ગ્રામ પંચાયત



હસ્તકના અનેક વર્ષો જુના પાણીના ટાંકા જર્જરિત હાલતમાં પડવાના વાંકે ઉભા છે તેમ છતાં તંત્ર દ્વારા દરકાર લેવામાં ના આવતા જીલ્લામાં જર્જરિત ટાંકાને લઈ બોપલવાળી થવાની દહેશત વર્તાઈ રહી છે. જીલ્લાની અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં પણ જર્જરિત ટાંકીઓ ગમે તે ઘડીએ ધરાશાયી થાય તો મોટી દહેશત થવાની સંભાવના રહેલી છે. મોડાસાની આઈટીઆઈમાં આવેલી પાણીની ટાંકી જર્જરિત થઈ જતા આઈટીઆઈમાં આવતા તાલીમાર્થીઓના માથે મોત ઝુંબળાઈ રહ્યું છે.

રાજયમાં બીજો ક્રમ ધરાવતી મોડાસાની આઈટીઆઈમાં અંદાજે ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ ટ્રેડમાં તાલીમ અર્થે આવે છે. આઈટીઆઈમાં વર્ષો જૂની પાણીની ટાંકીના થાંભલામાં તિરાડો પડી જતા અને લોખંડ પણ કાટ ખાઈ જતા અને ઉપરના ગોળાઈના ભાગમાં પણ ગાબડાં પડતા અને તિરાડો પડતા ટાંકી તૂટી પડે તો મોટી જાનહાની થવાનો ભય સતાવી રહ્યો છે. કોઈ વિદ્યાર્થીનો ભોગ લે તે પહેલા જર્જરિત ટાંકીનું સમારકામ ધરવામાં આવે અથવા જર્જરિત ટાંકીને ઉતારી લેવામાં આવે તેવી પ્રબળ માંગ વિદ્યાર્થીઓમાં ઉઠી છે.



## પ્રાંતિજમાં કપિરાજનો આતંક

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આધેડ મહિલાને કપિરાજે અડફેટે લેતા આધેડ મહિલાને બન્ને હાથે ફેક્ચર થયુ હતુ. પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ રાવળ વાસ ખાતે છેલ્લા ત્રણ દિવસથી કપિરાજના ટોળાઓએ આંતક મચાવ્યો છે જેમાં રાવળ વાસ ખાતે રહેતા આધેડ મહિલા શાન્તાબેન શામળભાઈ કે જેવો પોતાના મકાનના ધાબા ઉપર બેઠાં હતાં તે દરમ્યાન અચાનક કપિરાજનું ટોળું આવી કુદાકુદ કરવા લાગ્યું હતું અને શાન્તાબેનને અડફેટે લેતાં તેવોને નીચે પાડી દીધા અને તેવોને બન્ને હાથે ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તેવોના બન્ને હાથે ફેક્ચર થતાં હાલ તો કપિરાજના આતંકને લઈને રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે.

# શ્રી સ્વસ્તિક સંકુલ ખાતે નંદ મહોત્સવ ઉજવાયો

શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ સંચાલિત શ્રીમતી એમ. આર. એચ. મેસરા બાલમંદિર (સ્વસ્તિક) અને શ્રી સ્વસ્તિક કે. જી. સ્કૂલ આયોજીત નંદ મહોત્સવની ઉજવણી પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ મુખ્ય ઈજનેર ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. એલ. એ. ગઢવી, એ.સી.બી. પી.આઈ. કમલેશભાઈ ચૌધરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.પી. પ્રજાપતિ, ચેરમેન શિક્ષણ સમિતિ જી.પં. શ્રીમતી લક્ષ્મીબેન કરેણ, કન્સલ્ટિંગ ચાર્ટર એન્જીનીયર દિપકભાઈ આકેડીવાળા, રોટરીયન ક્લબના ડીસ્ટ્રિક્ટ ગવર્નર મંગલ સર, સોળગામ લેઉવા પાટીદાર સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ કે.કે. ગોઠી હાઈસ્કૂલ અને સ્વસ્તિક ઉ.મા. શાળાના આચાર્ય મણીભાઈ સુથાર, મહેન્દ્રભાઈ પંચાલ સાહેબ, સંસ્થાના ઉપપ્રમુખ જયંતીભાઈ ઘોડા, મંડળના સભ્ય પ્રકાશભાઈ ગામી, રોહિતભાઈ ભૂટકા, અતિથિ વિશેષશ્રીઓ નગરપાલિકા સદસ્ય કૌશલ અમૃતભાઈ જોશી, જિલ્લા શિક્ષણાધિકારી દીપકભાઈ મોઢ, ડો. રોનક પટેલની ઓકિડ્સ ચિલ્ડ્રન હોસ્પિટલ આ કાર્યક્રમમાં બાળકોએ પોતાની ખુબ જ સુંદર કૃતિઓ રજૂ કરી મહેમાનો અને વાલીઓને અભિભૂત કર્યા હતા.

કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલે કર્યું હતું અને જણાવેલ કે અમારી શાળામાં બાળકને કેન્દ્રમાં રાખીને શિસ્ત, સંસ્કાર અને સમયપાલન સાથે બાળકોને શિક્ષણ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે તેમજ કાર્યક્રમને અનુરૂપ શ્રીમતી લક્ષ્મીબેન કરેણ અને એલ.એ. ગઢવીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમની આભારવિધિ બાલમંદિરના આચાર્યા શ્રીમતી દર્શનાબેન મોદીએ કરી હતી તેમજ સમગ્ર કાર્યક્રમમાં એન્કરીંગ હાઈસ્કુલ વિભાગના મ. શિ. વાય. ડી. જોશીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કે. જી. સ્કૂલના આચાર્યા શ્રીમતી આરતીબેન પટેલ બાલમંદિર-હાઈસ્કુલ વિભાગના તમામ સ્ટાફગણે કાર્ય કરેલ.